# ચારિત્ર અને રાષ્ટ્રનિર્માણ

મો. ક. ગાંધી



GJ
891.474
G 151 C

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# ચારિત્ર
# અને
# રાષ્ટ્રનિર્માણ

મો. ક. ગાંધી

સંક્ષેપ અને સંપાદન
વાલજી ગોવિંદજી દેસાઈ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦ ૦૧૪

IIAS, Shimla
Library
GJ 891.474 G 151 C
00130349
Acc. No 130349
Date 14-9-2010
GJ
891.474
G 151 C

પાંચ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૨૦૦૪

પહેલી આવૃત્તિ, પ્રત ૨,૦૦૦, ઑગસ્ટ ૨૦૦૪
બીજું પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ફેબ્રુઆરી ૨૦૦૭
કુલ પ્રત : ૭,૦૦૦

ISBN 81-7229-341-0

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# આમુખ

મંગળપ્રભાત, સત્યાગ્રહ આશ્રમનો ઈતિહાસ અને રચનાત્મક કાર્યક્રમ – તેનું રહસ્ય અને સ્થાનનો આ સાર હું જોઈ ગયો છું. તેની ખૂબી એ છે કે એ સાર હોવા છતાં મને તેમાં કાંઈ અધૂરાપણું લાગ્યું નથી.

પૂના
જુલાઈ ૨૯, ૧૯૪૬ **– મો. ક. ગાંધી**

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે, મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ હું શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

हरिजनबंधु, ३०-४-'३३ **– ગાંધીજી**

# અનુક્રમણિકા

## આશ્રમનાં વ્રતોની રૂપરેખા


આમુખ 3
૧. સત્ય ૭
૨. અહિંસા ૭
૩. બ્રહ્મચર્ય ૮
૪. અસ્વાદ ૯
૫. અસ્તેય ૧૦
૬. અપરિગ્રહ ૧૦
૭. અભય ૧૧
૮. અસ્પૃશ્યતાનિવારણ ૧૨
૯. જાતમહેનત ૧૩
૧૦. સર્વધર્મસમભાવ-૧ ૧૩
સર્વધર્મસમભાવ-૨ ૧૪
૧૧. સ્વદેશી ૧૫
પરિશિષ્ટ-૧ નમ્રતા ૧૬
પરિશિષ્ટ-૨
વ્રતની આવશ્યકતા ૧૬


## રચનાત્મક કાર્યક્રમની રૂપરેખા


આમુખ ૧૯
૧. કોમી એકતા ૧૯
૨. અસ્પૃશ્યતાનિવારણ ૨૦
૩. દારૂબંધી ૨૦
૪. ખાદી ૨૧
૫. બીજા ગ્રામોદ્યોગો ૨૨
૬. ગામસફાઈ ૨૩
૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી ૨૩
૮. પ્રૌઢશિક્ષણ ૨૪
૯. સ્ત્રીઓ ૨૪
૧૦. તંદુરસ્તીના નિયમોની જાળવણી ૨૪
૧૧. પ્રાંતિક ભાષાઓ ૨૫
૧૨. રાષ્ટ્રભાષા ૨૬
૧૩. આર્થિક સમાનતા ૨૬
૧૪. કિસાનો ૨૭
૧૫. મજૂરો ૨૮
૧૬. આદિવાસીઓ ૨૮
૧૭. રક્તપિત્તના રોગીઓ ૨૯
૧૮. વિદ્યાર્થીઓ ૨૯
સવિનયભંગનું સ્થાન ૩૧
ઉપસંહાર ૩૨
પરિશિષ્ટ – પશુસુધારણા ૩૨
સંદર્ભગ્રંથો ૩૨


આ પુસ્તિકામાંનું લખાણ 'મંગળપ્રભાત', 'સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ' અને 'રચનાત્મક કાર્યક્રમ'માંથી સંપાદિત કરેલું છે. પુસ્તિકામાં આપેલા સંદર્ભ માટે ઉપયોગમાં લીધેલી પુસ્તિકાઓના સંક્ષેપની સમજ નીચે આપી છે :

૧. મંગળપ્રભાત : મં.પ્ર., ૨. સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ : સ.આ.ઇ., ૩. રચનાત્મક કાર્યક્રમ – તેનું રહસ્ય અને સ્થાન : ર.કા.

**ત્રણેના પ્રકાશક :** નવજીવન પ્રકાશન મંદિર, પો.ઑ. નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# આશ્રમનાં વ્રતોની રૂપરેખા

२ १ ५ ३ ६

अहिंसा सत्य अस्तेय ब्रह्मचर्य असंग्रह ॥

१० ११ ८

सर्वधर्मसमानत्व स्वदेशी न अस्पृश्यता ॥

९ ४ ७

शरीरश्रम अस्वाद अभय व्रत आश्रमे ॥

## ૧. સત્ય

Truth is God સત્ય એ જ પરમેશ્વર છે. આ સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. સત્ય સિવાય કોઈ પણ નિયમનું શુદ્ધ પાલન અશક્ય છે. વિચારમાં, વાણીમાં અને આચારમાં સત્ય એ જ સત્ય. ... તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે : અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યની જ તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. આમ છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરશું. તેથી ગભરાવાનું કશું કારણ નથી. ... કેમ કે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય, એટલે પોતે દુ:ખ સહન કરવાનું હોય, તેની પાછળ મરવાનું હોય... આવી નિ:સ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ આડે માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જાય કે ઠેસ વાગી જ છે; એટલે વળી તે સીધે માર્ગે ચડી જાય છે... તેમાં હાર જેવું કંઈ છે જ નહીં. એ 'મરીને જીવવાનો મંત્ર' છે.

એ સત્ય રૂપ પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે. આપણે બધાંને સારુ નીવડો.

(મં. પ્ર., સપ્ટે. ૨૦૦૨, પાન નં. ૧, ૨, ૩)

## ૨. અહિંસા

સત્ય છે. તે જ છે. તે જ એક પરમેશ્વર. તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા.

અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. સત્યનો, હિંસાનો માર્ગ જેટલો સીધો છે, એટલો જ સાંકડો છે, ખાંડાની ધારે ચાલવા જેવો

છે... જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેનાં દર્શન થાય.

પ્રાણીઓનો વધ ન કરવો એટલું જ આ વ્રતના પાલનને સારુ બસ નથી. એ વ્રતોનો પાલક ઘોર અન્યાય કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરે, પણ તેના ઉપર પ્રેમભાવ રાખે, તેનું હિત ઇચ્છે ને કરે. પણ પ્રેમ કરતો છતો અન્યાયીના અન્યાયને વશ ન થાય, અન્યાયનો વિરોધ કરે ને તેમ કરતાં તે જે કષ્ટ આપે તે ધીરજપૂર્વક અને અન્યાયીનો દ્વેષ કર્યા વિના સહન કરે.

આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન મારવું એ તો છે જ. કુવિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે, મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે.

અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમ ધર્મ થઈ. સાધનની ફિકર કર્યા કરશું તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ તો કરશું જ.

(મં. પ્ર., પા. ૪, ૫, ૬)

## ૩. બ્રહ્મચર્ય

અહિંસાના પાલનને લઈએ તો તેનું પૂર્ણ પાલન બ્રહ્મચર્ય વિના અશક્ય છે.

બ્રહ્મચારી કોઈ સ્ત્રી કે પુરુષ ઉપર કુદૃષ્ટિ ન કરે એટલું જ બસ નથી. પણ મનથીયે વિષયોનું ચિંતન કે સેવન નહીં કરે. અને વિવાહિત હોય તો પોતાની સ્ત્રી કે પોતાના પતિની સાથે પણ વિષયભોગ નહીં કરે, પણ તેને મિત્ર સમજી તેની સાથે નિર્મળ સંબંધ રાખશે. વિકારમય સ્પર્શ અથવા તેની સાથે વિકારમય ભાષણ કે બીજી વિકારમય ચેષ્ટા તે પણ સ્થૂળ બ્રહ્મચર્યનો ભંગ છે.

મનને વિકારી રહેવા દેવું ને શરીરને દાબવાનો પ્રયત્ન કરવો તેમાં નુકસાન જ છે.

મનને વિકારવશ થવા દેવું એ એક વાત છે; મન પોતાની મેળે, અનિચ્છાએ, બળાત્કારે વિકારી થાય કે થયા કરે એ જુદી વાત છે. એ વિકારમાં આપણે સહાયભૂત ન થઈએ તો છેવટે જીત જ છે.

વિષયમાત્રનો નિરોધ એ જ બ્રહ્મચર્ય છે. જે બીજી ઇંદ્રિયોને જ્યાંત્યાં ભમવા દઈ એક જ ઇંદ્રિયને રોકવાનો પ્રયત્ન કરે છે તે નિષ્ફળ પ્રયત્ન કરે છે એમાં શો શક છે?

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની – સત્યની – શોધમાં, ચર્યા એટલે તેને લગતો આચાર. આ મૂળ અર્થમાંથી સર્વેન્દ્રિય સંયમ એ વિશેષ અર્થ નીકળે છે. માત્ર જનનેન્દ્રિય સંયમ એવો અધૂરો અર્થ તો ભૂલી જ જઈએ.

(એજન, પા. ૭, ૮, ૯, ૧૦)

## ૪. અસ્વાદ

મારો અનુભવ એવો છે કે આ વ્રતને પહોંચી વળાય તો બ્રહ્મચર્ય એટલે જનનેન્દ્રિય સંયમ સાવ સહેલો થઈ પડે.

ભોજન કેવળ શરીરયાત્રાને જ અર્થે હોય. ભોગને અર્થે કદી નહીં. તેથી તે ઔષધિ સમજી સંયમપૂર્વક લેવાની જરૂર છે. આ વ્રતનું પાલન કરનાર વિકાર ઉત્પન્ન કરે એવા મસાલા, વગેરેનો ત્યાગ કરે. માંસાહાર, મદ્યપાન, તમાકુ, ભાંગ, ઇત્યાદિનો આશ્રમમાં નિષેધ છે. આ વ્રતમાં સ્વાદને અર્થે ઉજાણીનો કે ભોજનના આગ્રહનો નિષેધ છે.

આ દૃષ્ટિએ વિચાર કરતાં સંયુક્ત પાક જે અસ્વાદ વૃત્તિથી થતો હોય તે બહુ મદદગાર છે. ત્યાં આપણે શું ખાઈશું કે રાંધશું તેનો વિચાર નથી કરવો પડતો; પણ જે તૈયાર થયું હોય ને જે આપણે સારુ ત્યાજ્ય ન હોય, તે ઈશ્વરનો અનુગ્રહ માની, મનમાં પણ તેની ટીકા કર્યા વિના,

સંતોષપૂર્વક, શરીરને આવશ્યક હોય તેટલું ખાઈ ઊઠીએ.

આદર્શ સ્થિતિમાં સૂર્યરૂપી મહાઅગ્નિ જે વસ્તુઓ પકવે છે, તેમાંથી જ આપણું ખાદ્ય શોધાવું જોઈએ. અને આમ વિચાર કરતાં મનુષ્યપ્રાણી કેવળ ફળાહારી છે એમ સિદ્ધ થાય છે.

(મં. પ્ર., પા. ૧૦, ૧૩, સ. આ. ઈ., મે ૧૯૪૮, પા. ૯૦)

## ૫. અસ્તેય

પારકાનું તેની રજા વિના લેવું એ તો ચોરી છે જ પણ પોતાનું ગણાતું પણ માણસ ચોરે છે. જેમ એક બાપ પોતાનાં બાળકોના જાણ્યા વિના, તેઓને ન જણાવવા ખાતર, છાનોમાનો કંઈ વસ્તુ ખાઈ જાય છે. પોતાની ઓછામાં ઓછી આવશ્યકતા ઉપરાંત જે કંઈ પણ મનુષ્ય લે છે તે ચોરી કરે છે.

અસ્તેયનું વ્રત પાળનાર ઉત્તરોત્તર પોતાની હાજત ઓછી કરશે. આ જગતમાં ઘણી કંગાલિયત અસ્તેયના ભંગથી પેદા થઈ છે.

મનથી આપણે કોઈની વસ્તુ મેળવવાની ઇચ્છા કરી કે તેની ઉપર એઠી નજર કરી તે ચોરી છે.

(એજન, પા. ૧૫, ૧૬)

## ૬. અપરિગ્રહ

અનાવશ્યક વસ્તુ જેમ લેવાય નહીં, તેમ એનો સંગ્રહ પણ ન થાય. તેથી જે ખોરાક કે રાચરચીલાની જરૂર નથી તેનો સંગ્રહ તે આ વ્રતનો ભંગ છે. જેને ખુરશી વિના ચાલે તે ખુરશી ન રાખે. અપરિગ્રહી પોતાનું જીવન નિત્ય સાદું કરતો જાય.

પરમાત્મા પરિગ્રહ કરતો નથી. તેને 'જોઈતી' વસ્તુ તે રોજની રોજ પેદા કરે છે.

સહુ પોતાને જોઈતો જ સંગ્રહ કરે, તો કોઈને તંગી ન આવે ને સહુને સંતોષ રહે.

ખરા સુધારાનું, ખરી સભ્યતાનું લક્ષણ પરિગ્રહનો વધારો નથી. પણ તેનો વિચાર ને ઇચ્છાપૂર્વક ઘટાડો છે. જેમ જેમ પરિગ્રહ ઓછો કરીએ તેમ તેમ ખરું સુખ અને સંતોષ વધે છે, સેવાશક્તિ વધે છે.

જે વિચાર આપણને ઈશ્વરથી વિમુખ રાખે અથવા ઈશ્વર પ્રતિ ન લઈ જતા હોય તે બધા પરિગ્રહમાં ખપે, અને તેથી ત્યાજ્ય છે.

(સ. આ. ઈ., પા. ૯૧, મં. પ્ર., પા. ૧૭, ૧૮, ૧૯)

## ૭. અભય

જે સત્યપરાયણ રહેવા માગે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી ડરે, ન ચોરથી ડરે, ન ગરીબાઈથી ડરે, ન મોતથી ડરે.

આની ગણના સોળમા અધ્યાયમાં દૈવી સંપદનું વર્ણન કરતાં ભગવાને પહેલી કરી છે. અભય વિના સત્યની શોધ થાય? અભ્ય વિના અહિંસાનું પાલન કેમ થાય? 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને' સત્ય એ જ હરિ, એ જ રામ, એ જ નારાયણ, એ જ વાસુદેવ. કાયર એટલે ભયભીત બીકણો; શૂરો એટલે ભયમુક્ત, તલવારાદિ કસેલો નહીં. તલવાર શૂરની સંજ્ઞા નથી, બીકની નિશાની છે.

સત્યની શોધ કરનારે આ બધા ભયોને તિલાંજલિ દીધે જ છૂટકો. હરિશ્ચંદ્રની જેમ પાયમાલ થવાની તેમનામાં તૈયારી હોવી જોઈએ.

આપણે બાહ્ય ભયોથી મુક્તિ મેળવવી છે. અંતરમાં જે શત્રુ રહ્યા છે તેમનાથી તો ડરીને જ ચાલવાનું છે. કામ-ક્રોધાદિનો ભય ખરો ભય છે. એને જીતી લઈએ તો બાહ્ય ભયોનો ઉપદ્રવ એની મેળે મટે.

પૈસામાંથી, કુટુંબમાંથી, શરીરમાંથી 'મારાપણું' કાઢી નાખીએ એટલે ભય ક્યાં છે ? तेन त्यक्तेन भुञ्जीथाः એ રામબાણ વચન છે.

(સ. આ. ઈ., પા. ૯૨, મં. પ્ર., ૨૦, ૨૧)

# ૮. અસ્પૃશ્યતાનિવારણ

... તેમાં ધર્મ નથી પણ અધર્મ છે.

જો આત્મા એક જ છે, ઈશ્વર એક જ છે તો અસ્પૃશ્ય કોઈ નથી,

... તેથી જે તેને પાપ માને છે તે તેનું પ્રાયશ્ચિત્ત કરે, અને કંઈ નહીં તો પ્રાયશ્ચિત્ત રૂપે પણ ધર્મ સમજીને સમજદાર હિંદુ પ્રત્યેક અસ્પૃશ્ય ગણાતાં ભાઈબહેનને અપનાવે. તેનો હેતે, સેવાભાવે સ્પર્શ કરે, સ્પર્શ કરી પોતાને પાવન માને, 'અસ્પૃશ્ય'નાં દુ:ખો દૂર કરે, વર્ષો થયાં તેમને કચડી નાખવામાં આવેલ છે તેથી તેમનામાં જે અજ્ઞાનાદિ દોષો પેસી ગયા છે, તે ધીરજપૂર્વક દૂર કરવામાં તેમને મદદ કરે.

કેટલાક તો અસ્પૃશ્યતાને પાળતાં પાળતાં પૃથ્વી ઉપર ભારરૂપ થઈ પડ્યા છે.

અસ્પૃશ્યતાનિવારણ કરનાર ઢેડભંગીને અપનાવીને સંતોષ નહીં માને. તે જીવમાત્રને પોતાનામાં નહીં જુએ ને પોતાને જીવમાત્રમાં નહીં હોમી દે ત્યાં લગી શાંત થશે જ નહીં. અસ્પૃશ્યતા નિવારવી એટલે જગતમાત્રની સાથે મૈત્રી રાખવી, તેના સેવક થવું.

જીવમાત્રની સાથેનો ભેદ મટાડવો તે અસ્પૃશ્યતાનિવારણ.

જાતિભેદથી હિંદુ ધર્મને નુકસાન થયું છે. તેમાં રહેલી ઊંચનીચની અને આભડછેટની ભાવના અહિંસા ધર્મની ઘાતક છે.

વર્ણવ્યવસ્થા કેવળ ધંધાને આધીન છે એમ જણાય છે. તેથી વર્ણ-નીતિનું પાલન કરનાર, માબાપના ધંધામાંથી આજીવિકા પેદા કરી બાકીનો સમય શુદ્ધ જ્ઞાન લેવામાં અને વધારવામાં વાપરે.

(મં. પ્ર., પા. ૨૨, ૨૩, ૨૪, સ. આ. ઈ., પા. ૯૨, ૯૩)

## ૯. જાતમહેનત

મનુષ્યમાત્ર શરીરનિર્વાહ શારીરિક મહેનતથી કરે તો જ તે સમાજના અને પોતાના દ્રોહમાંથી બચી શકે. જેનું અંગ ચાલી શકે છે ને જેને સમજાણ આવી છે તેવાં સ્ત્રીપુરુષે પોતાનું બધું નિત્યકામ જે પોતે આટોપવા યોગ્ય હોય તે આટોપી લેવું જોઈએ, અને બીજાની સેવા વિનાકારણ ન લેવી જોઈએ. પણ બાળકોની, બીજા અપંગ લોકોની અને વૃદ્ધ સ્ત્રીપુરુષોની સેવા પ્રાપ્ત થાય ત્યારે તે કરવાનો સામાજિક જવાબદારી સમજનાર પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે.

મજૂરી ન કરે તેને ખાવાનો શો અધિકાર હોય ? સહુએ પોતપોતાના ભંગી તો થવું જ જોઈએ. ... ખાય છે તેને મળત્યાગ તો કરવાનો જ છે. મળત્યાગ કરે તે પોતાના મળને દાટે એ ઉત્તમ વસ્તુ છે. એ ન જ બની શકે તો સહુ કુટુંબ પોતાનું કર્તવ્ય કરે. જ્યાં ભંગીનો નોખો ધંધો કલ્પ્યો છે, ત્યાં કંઈક મહાદોષ પેસી ગયો છે એમ મને તો વર્ષો થયાં લાગ્યું છે. ... આપણે બધા ભંગી છીએ એ ભાવના આપણા મનમાં બચપણથી જ ઠસવી જોઈએ, અને એ ઠસાવવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે જે સમજ્યાં છે તે જાતમહેનતનો આરંભ પાયખાનાં સાફ કરવાથી કરે.

જો કુદરતના કાયદાનો ભંગ ન થતો હોય તો બુઢ્ઢા અપંગ ન થાય, ને રોગ તો હોય જ શાને ?

(સ. આ. ઈ., પા. ૯૧, મં. પ્ર., પા. ૨૫, ૨૬, ૨૭)

## ૧૦. સર્વધર્મસમભાવ-૧

જગતમાં પ્રચલિત પ્રખ્યાત ધર્મો સત્યને વ્યક્ત કરનારા છે. પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલા હોઈ બધામાં અપૂર્ણતાનું અથવા અસત્યનું મિશ્રણ થયું છે. તેથી જેવું આપણને આપણા ધર્મ વિશે માન હોય તેટલું જ માન આપણે બીજાના ધર્મ પ્રત્યે રાખવું ઘટે. આવી

સહિષ્ણુતા હોય ત્યાં એકબીજાના ધર્મનો વિરોધ નથી સંભવતો. નથી પરધર્મીને પોતાના ધર્મમાં લાવવાનો પ્રયત્ન સંભવતો. પણ બધા ધર્મમાં રહેલા દોષો દૂર થાય એવી જ પ્રાર્થના ને એવી જ ભાવના નિત્ય પોષવી ઘટે છે.

જો આપણે અપૂર્ણ તો આપણે કલ્પેલો ધર્મ પણ અપૂર્ણ.

... અને જો મનુષ્યકલ્પિત બધા ધર્મ અપૂર્ણ માનીએ તો પછી કોઈને ઊંચનીચ માનવાપણું રહેતું નથી. બધા સાચા પણ બધા અપૂર્ણ છે, તેથી દોષને પાત્ર છે. સમભાવ હોવા છતાં આપણે તેમાં દોષ જોઈ શકતા હોઈએ. પોતાનામાં પણ દોષ જોઈએ. એ દોષને લીધે તેનો ત્યાગ ન કરીએ પણ દોષ ટાળીએ. આમ, સમભાવ રાખીએ એટલે બીજા ધર્મોમાં જે કંઈ ગ્રાહ્ય લાગે તેને પોતાના ધર્મમાં સ્થાન આપતાં સંકોચ ન થાય, એટલું જ નહીં પણ એમ કરવાનો ધર્મ પ્રાપ્ત થાય.

(સ. આ. ઈ., પા. ૯૩, મં. પ્ર., પા. ૨૮)

## સર્વધર્મસમભાવ-૨

અહીં ધર્મ-અધર્મનો ભેદ નથી ટળતો. અહીં જે અંકાયેલા ધર્મો તરીકે આપણે જાણીએ છીએ તેની વાત છે. આ બધા ધર્મોમાં મૂળ સિદ્ધાંત તો એક જ છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે ઘણા ધર્મો શાને સારું જોઈએ ? ઘણા ધર્મો છે એ આપણે જાણીએ છીએ. આત્મા એક જ છે. પણ મનુષ્યદેહ અસંખ્ય છે. દેહની અસંખ્યતા ટાળી નહીં ટળે.... ધર્મનું મૂળ એક છે, જેમ વૃક્ષનું, પણ તેને પાતરાં અસંખ્ય છે.

પારકાની ભૂલને સારુ આપણે તેને પીડવા નથી, આપણે પીડાવું છે, એ સુવર્ણનિયમ જે પાળે છે, તે બધાં સંકટોમાંથી ઊગરી જાય છે.

(મં. પ્ર., પા. ૨૯)

# ૧૧. સ્વદેશી

સ્વદેશીવ્રત આ યુગનું મહાવ્રત છે.

... આપણી પાસે રહેલાની સેવામાં ઓતપ્રોત થઈ જવું એ સ્વદેશી ધર્મ છે. ...એ સેવા કરતાં દૂરના રહી જાય છે. અથવા તેને હાનિ થાય છે એવો આભાસ આવવાનો સંભવ છે. ...એથી ઊલટું દૂરનાની સેવાનો મોહ રાખતાં તે થતી નથી ને પડોશીની સેવા રહી જાય છે. એમ બાવાનાં બેઉ બગડે છે.

દેશમાં જે વસ્તુ થતી હોય કે સહેજે થઈ શકતી હોય તે વસ્તુ આપણે પરદેશથી ન લાવીએ.

સ્વદેશીમાં સ્વાર્થને સ્થાન નથી. પોતે કુટુંબના, કુટુંબ શહેરના, શહેર દેશના, ને દેશ જગતના કલ્યાણાર્થે હોમાય.

સ્વદેશી ન સમજવાથી જ ગોટો વળે છે. કુટુંબની ઉપર મોહ રાખીને હું તેને પંપાળું, તેને ખાતર ધન ચોરું, બીજાં કાવતરાં રચું, એ સ્વદેશી નથી.

મારા ગામમાં મરકી થઈ છે. એ રોગની વ્યાધિમાં સપડાયેલાની સેવામાં હું મને, પત્નીને, પુત્રોને, પુત્રીઓને રોકું ને બધાં એ વ્યાધિમાં સપડાઈ મોતને શરણ થાય તો મેં કુટુંબનો સંહાર નથી કર્યો, તેની સેવા કરી છે.

બધા સમજી શકે તેવો, બધાને જે પાળવાની આ યુગમાં આ દેશમાં બહુ આવશ્યકતા છે એવો કયો સ્વદેશી ધર્મ હોઈ શકે? જેના સહજ પાલનથી પણ હિંદુસ્તાનના કરોડોની રક્ષા થઈ શકે એવો કયો સ્વદેશી ધર્મ હોય? જવાબમાં રેંટિયો અથવા ખાદી મળ્યાં.

આ ધર્મના પાલનથી પરદેશી મિલવાળાને નુકસાન થાય છે એમ કોઈ ન માને. ચોરને ચોરેલી મિલકત પાછી આપવી પડે અથવા ચોરી કરતાં અટકાવાય તો તેમાં નુકસાન નથી, લાભ છે. પડોશી શરાબ પીતાં કે અફીણ ખાતાં બંધ થાય તેથી કલાલને કે અફીણના દુકાનદારને નુકસાન નથી લાભ છે.

પણ જેઓ રેંટિયા વડે જેમતેમ સૂતર કાંતી, ખાદી પહેરી-પહેરાવી સ્વદેશી ધર્મનું પૂર્ણ પાલન થયું માની બેસે છે તેઓ મહામોહમાં ડૂબેલા

છે. એવા ખાદીધારી જોયા છે જેઓ બીજું બધું પરદેશી વસાવી રહ્યા છે. તેઓ સ્વદેશીનું પાલન કરતા નથી. સ્વદેશીવ્રતનું પાલન કરનાર જ્યાં જ્યાં પડોશીની સેવા કરી શકાય એટલે જ્યાં જ્યાં તેમને હાથે તૈયાર થયેલો આવશ્યક માલ હશે ત્યાં ત્યાં બીજો તજીને તે લેશે. પછી ભલે સ્વદેશી વસ્તુ પ્રથમ મોંઘી ને ઊતરતી હોય. તેને સુધારવાનો પ્રયત્ન વ્રતધારી કરશે. કાયર થઈને સ્વદેશી ખરાબ છે તેથી પરદેશી વાપરવા નહીં મંડી પડે.

(મં. પ્ર., પા. ૩૫, ૩૬, ૩૭, ૩૮, સ. આ. ઇ., પા. ૯૨)

## પરિશિષ્ટ-૧

## નમ્રતા

નમ્રતા એટલે હુંપાણાનો આત્યંતિક ક્ષય.

પણ જો એ ચકરાવામાંથી નીકળી જઈએ – એટલે કંઈ નથી થઈ જઈએ – તો બધું થઈ જઈએ.

કંઈ થવું એટલે ઈશ્વરથી – પરમાત્માથી – સત્યથી વિખૂટા થવું. કંઈ ટળી જવું એટલે પરમાત્મામાં ભળી જવું. સમુદ્રમાં રહેલું બિંદુ સમુદ્રની મહત્તા ભોગવે છે. પણ તેનું તેને જ્ઞાન નથી. સમુદ્રથી વેગળું થયું ને પોતાપણાનો દાવો કરવા બેઠું એટલે તે તે જ ક્ષણે સુકાયું.

(મં. પ્ર., પા. ૩૩, ૩૪)

## પરિશિષ્ટ-૨

## વ્રતની આવશ્યકતા

ઈશ્વર પોતે નિશ્ચયની, વ્રતની સંપૂર્ણ મૂર્તિ છે.

...ઈશ્વર મહાવ્રતધારી છે.... વેપારમાત્રનો આધાર એક ટેક ઉપર રહ્યો છે. તો પછી જ્યારે આપણે પોતાનું જીવન બાંધવાનો પ્રશ્ન ઊઠે, ઈશ્વરદર્શન કરવાનો પ્રશ્ન રહ્યો છે, ત્યાં વ્રત વિના કેમ ચાલી શકે?

'બને ત્યાં સુધી' વચન શુભ નિશ્ચયોમાં ઝેર સમાન છે.

જે પાપરૂપ હોય તેનો નિશ્ચય એ વ્રત ન કહેવાય.

(મં. પ્ર., પા. ૪૧)

# રચનાત્મક કાર્યક્રમની રૂપરેખા

१

अयं हिन्दुः अयं मुस्लिम् गणना लघुचेतसाम् ।
अुदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥
हिन्दोः चा मुस्लिमश्चेति केयं स्थानक (स्टेशन) घोषणा ॥

२

बान्धवाः मानवाः सर्वे अस्पृश्यो नास्ति कश्चन ॥

४

हस्तेन कर्तितं यत् स्यात् हस्तप्रोतं तथैव च ।
तद् वस्त्रं परिधातव्यं लोके खादीति कीर्तितम् ॥ १ ॥
खादीवस्त्रे हि निहितं भगिनीशीलरक्षणम् ।
खादीवस्त्रं अहिंसाया आधारो मूर्तिरेव च ॥ २ ॥
खादीमृत्यौ मृता ग्रामा ग्राममृत्यौ मृता दया ।
खाद्या धर्मे तथैवार्थे महासिद्धिर् भविष्यति ॥ ३ ॥
ग्रामनिर्मितवस्तूनि प्रयोक्तव्यानि नागरैः ।
भारतीया भविष्यन्ति ह्येतेन स्ववशाः समाः ॥ ४ ॥

दे. वा.

[गांधीजीप्रणीतग्रन्थानुसारेणैते श्लोका रचिताः ।]

३

अेकतः सर्वपापानि मद्यपानं तथैकतः ॥ चाणक्य ॥

## આમુખ

રચનાત્મક કાર્યક્રમ એ પૂર્ણ સ્વરાજ મેળવવાનો સત્ય ને અહિંસાનો રસ્તો છે. રચનાત્મક કાર્યક્રમનો પૂરેપૂરો અમલ એ જ પૂર્ણ સ્વરાજ છે.

સવિનયભંગ અથવા સત્યાગ્રહ સશસ્ત્ર બળવાની અવેજીમાં બરાબર તેના જેટલું કામ આપે તેવો ઇલાજ છે. જેમ સશસ્ત્ર બળવાને માટે તાલીમની જરૂર છે તેવી જ સત્યાગ્રહને માટે પણ તાલીમની જરૂર છે. સત્યાગ્રહ કરવાનો અર્થ એવો થાય કે આપણે બધાએ રચનાત્મક કાર્યક્રમનાં જુદાં જુદાં અંગોનો અમલ કરવો.

હિંસાને રસ્તે સત્યને સૌથી પહેલાં અને સૌથી વધારે વેઠવું પડે છે; અહિંસાને માર્ગે તેનો સદૈવ વિજય થાય છે.

(આમુખ – રચનાત્મક કાર્યક્રમ – તેનું રહસ્ય અને સ્થાન, એપ્રિલ ૨૦૦૨, પા. ૩, ૪, ૫)

## ૧. કોમી એકતા

એકતાનો સાચો અર્થ છે દિલની તોડી તૂટે નહીં તેવી દોસ્તી.

એવી જાતની એકતા સિદ્ધ કરવાને માટે સૌથી પહેલી જરૂર એ છે કે મહાસભાવાદી ગમે તે ધર્મનો હોય પણ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી, વગેરે સૌનો પોતાને પ્રતિનિધિ સમજે; એટલે કે ટૂંકમાં હિંદુ કે બિનહિંદુ સૌનો પોતે પ્રતિનિધિ છે એમ માને. હિંદુસ્તાનના કરોડો વતનીઓ પૈકીના એકેએકની સાથે તે આત્મીયતા અનુભવે; આવી આત્મીયતા સિદ્ધ કરવાને સારુ એકેએક મહાસભાવાદી પોતાના ધર્મથી જુદો ધર્મ પાળનારા લોકો સાથે અંગત દોસ્તી બાંધે. વળી તેને પોતાના ધર્મને માટે જેવો પ્રેમ હોય તેવો જ તે બીજા ધર્મો પર રાખે.

આ જાતની આપણી સુખદ સ્થિતિ હશે ત્યારે રેલવેનાં સ્ટેશનો પર આજે આપણને શરમાવનારી 'હિંદુ ચા' ને 'મુસ્લિમ ચા' તથા 'હિંદુ પાણી' ને

'મુસલમાન પાણી' જેવી બૂમો પડે છે તે સાંભળવાની નહીં હોય.

આપણે લાંબા વખતથી એમ માનવાને ટેવાયા છીએ કે પ્રજાને સત્તા કેવળ ધારાસભાઓ મારફતે મળે છે. આ માન્યતાને હું આપણી ગંભીર ભૂલ માનતો આવ્યો છું.... સાચી વાત એ છે કે, સત્તા લોકોમાં વસે છે.... અરે, લોકોથી સ્વતંત્ર એવી પાર્લમેન્ટોની સત્તા તો શું, હસ્તીયે હોતી નથી.... સત્તાનો અસલ ભંડાર તો સત્યાગ્રહ અથવા સવિનયભંગની તાકાત છે.... એક આખી પ્રજા પોતાની ધારાસભાના કાયદાઓ પ્રમાણે ચાલવાનો ઈનકાર કરે, અને એવા સવિનયભંગનાં પરિણામો વેઠવાને તૈયાર થાય તો શું થાય તેની કલ્પના કરો! એવી પ્રજા સરકારના ધારાસભાના ને વહીવટી તંત્રને આંખું ને આખું થંભાવી દેશે.... આવી પડે તે બધું સહન કરવાને જે આખી પ્રજા તૈયાર હોય તેના દૃઢ સંકલ્પને નમાવવા કોઈ પોલીસની કે કોઈ લશ્કરની જબરદસ્તી કામ આવતી નથી.

(ર. કા., સપ્ટે. ૨૦૦૨, પા. ૮, ૯, ૧૦)

## ૨. અસ્પૃશ્યતાનિવારણ

એકેએક હિંદુએ તેમના કાર્યને પોતાનું માનીને તેમને મદદગાર થવું જોઈએ, અને તેમના અકળાવી મૂકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે જઈને ઊભા રહેવું જોઈએ.

(એજન, પા. ૧૧)

## ૩. દારૂબંધી

દારૂના તથા અફીણના પંજામાં સપડાયેલા વ્યસનીઓને તેમાંથી છોડાવવાના ઉપાયો (દાક્તરોએ) તેમણે ખોળી કાઢીને અજમાવવા જોઈએ..

આ સુધારાના કાર્યને આગળ વધારવામાં સ્ત્રીઓને અને વિદ્યાર્થીઓને ખાસ તક છે. પ્રેમથી કરેલી સેવાનાં અનેક નાનાંમોટાં કાર્યો દ્વારા તે બંને

વર્ગો વ્યસનીઓના દિલ પર એવો કાબૂ જમાવશે કે પોતાની ભૂંડી કુટેવ છોડવાને પોતાના આ પ્રેમાળ સેવકોએ કરેલી અરજ કાને ધર્યા વિના તેમનો છૂટકો નહીં થાય.

રાષ્ટ્રીય મહાસભાની સમિતિઓ આનંદ આપે તેવાં રંજનનાં મથકો કે વિશ્રાંતિગૃહો ઉઘાડે, જ્યાં થાક્યાપાક્યા મજૂરો પોતાનાં અંગોને આરામ આપી શકે, ચોખ્ખાં અને તંદુરસ્તી આપનારાં પીણાં કે સોંઘી નાસ્તાની વસ્તુઓ મેળવી શકે અને મનગમતી તેમ જ અનુકૂળ રમતગમતો રમી શકે.

(ર. કા., પા. ૧૨)

## ૪. ખાદી

ખાદી એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત. એટલે કે જીવનની સઘળી જરૂરિયાતો હિંદમાંથી અને તેમાંય આપણાં ગામડાંઓમાં રહેનારી આમજનતાની મહેનત તથા બુદ્ધિથી નીપજેલી ચીજો વડે પૂરી કરી લેવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ.

સિદ્ધાંત ઘડાયો છે તે એ છે કે, દરેકે દરેક ગામે પોતપોતાની સઘળી જરૂરિયાત જાતે પેદા કરી લેવી અને ઉપરાંત શહેરોની જરૂરિયાતો પૂરી કરવાને ખાતર થોડીક વધારે પેદાશ કરવી. થોડાક સામાન્ય નિયમો જણાવું :

(૧) જે જે કુટુંબ પાસે નાનો સરખોયે જમીનનો કકડો હોય તેણે ઓછામાં ઓછો પોતાની વપરાશ પૂરતો કપાસ ઉગાડી લેવો.... પોતાની જરૂરિયાતની ચીજોની ખેતી કરવાની પોતાની સૌથી પહેલી ફરજ છે એ વાત આપણા ખેડૂતોએ શીખવાની છે.

(૨) કાંતનારની પાસે પોતાનો કપાસ ન હોય તો તેણે લોઢવાને માટે જોઈએ તેટલો કપાસ વેચાતો લઈ લેવો. લોઢવાનું કામ હાથ-ચરખાની



INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130359

મદદ વિના પણ બહુ સહેલાઈથી થાય તેવું છે. એક પાટિયું ને એક લોઢાનો ટૂંકો સળિયો દરેક જણને પોતાનો કપાસ પીલી લેવાને પૂરતું સાધન છે. જ્યાં આ કામ ન બની શકે ત્યાં કાંતનારે હાથે લોઢેલું રૂ ખરીદી લેવું ને તેને પીંજી લેવું. પોતાની વપરાશ પૂરતું પીંજણ નાનકડી ધનુષ પીંજણ પર ઝાઝી મહેનત વગર સરસ થાય છે.... પીંજેલા રૂની પૂણીઓ બનાવી લીધી કે કાંતણ શરૂ થાય. કાંતવાને માટે હું ધનુષ તકલીની ખાસ ભલામણ કરું છું. તે એટલા કારણસર કે, ધનુષ તકલી બનાવી લેવાનું વધારે સહેલું છે, રેંટિયા કરતાં સોંઘી પડે છે ને રેંટિયાની માફક તેમાં વારે વારે સમારકામ કરવું નથી પડતું.

કાંતણ સુધીનાં જુદાં જુદાં કામોમાં આપણો આખો મુલક એકીસાથે મંડી જાય તો આપણા લોકોમાં કેટલી એકતા થાય ને તેમની કેટલી કેળવણી થાય તેનો ખ્યાલ કરો! વળી ગરીબ ને તવંગર સૌ એક જ જાતનું કામ કરે તો તેમાંથી નીપજતા પ્રીતિના બંધથી બંધાઈ પોતપોતાના ભેદો ભૂલીને કેટલાં સરખાં થાય તેનો ખ્યાલ કરો !

(ર. કા., પા. ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮)

## ૫. બીજા ગ્રામોદ્યોગો

ખાદી વિના તેમની હયાતી નથી અને તેમના વિના ખાદીનું ગૌરવ કે શોભા નથી. હાથે દળવાનો, હાથે છડવાનો ને ખાંડવાનો, સાબુ બનાવવાનો, કાગળ બનાવવાનો, દીવાસળીઓ બનાવવાનો, ચામડાં કમાવવાનો, તેલની ઘાણીનો અને એવા જ બીજા સમાજજીવનને જરૂરી તેમ જ મહત્ત્વના ધંધાઓ વિના ગામડાંની અર્થરચના સંપૂર્ણ નહીં થાય.

દરેક જણે, દરેક હિંદીએ જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં મળે ત્યાં કેવળ ગામડાંમાં બનેલી વસ્તુઓ વાપરવાનો પોતાનો ધર્મ માનવો જોઈએ.... ગામડાંઓને વિશે આપણને લાગણી થશે ને તેમાં બનેલી વસ્તુઓ

આપણને ગમતી થશે તો પશ્ચિમની નકલમાં મળતી સંચામાં બનેલી ચીજો આપણને નહીં ખપે, અને જેમાં ગરીબી, ભૂખમરો ને આળસ કે બેકારી નહીં હોય તે નવીન ભારતના આદર્શની સાથે મેળ ખાય એવી અભિરુચિ આપણે કેળવીશું.

(ર. કા., પા. ૧૮, ૧૯)

## ૬. ગામસફાઈ

શોભીતાં અને રળિયામણાં નાનાં નાનાં ગામો ઠેરઠેર પથરાયેલાં હોય તેને બદલે આપણે ત્યાં ઉકરડા જોવાના મળે છે. ઘણાં, કહો કે લગભગ બધાં, ગામોમાં પેસતી વખતે જે અનુભવ થાય છે તેનાથી આનંદ ઊપજતો નથી. ભાગોળે જ આજુબાજુ એવી ગંદકી હોય છે ને તેમાંથી એવી બદબો ઊઠે છે કે ઘણી વાર ગામમાં પેસનારને આંખ મીંચી જવી પડે છે ને નાક દબાવવું પડે છે.... આપણાં ગામડાંઓને બધી રીતે ચોખ્ખાઈના નમૂના બનાવવાં જોઈએ.

(એજન, પા. ૧૯)

## ૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી

ગામડાંનાં બાળકોને ઘડીને નમૂનેદાર ગામવાસીઓ બનાવવાનો આ કેળવણીનો આશય છે.... એ કેળવણી બાળકનાં મન તેમ જ શરીર બંનેનો વિકાસ કરે છે; બાળકને પોતાની ભૂમિ સાથે જડી રાખે છે; તેને પોતાના તથા પોતાના મુલકના ભાવિનું ગૌરવભર્યું ચિત્ર બતાવે છે, અને તે ચિત્રમાં જોયેલું ભાવિ હિંદ રચવાના કાર્યમાં દરેક છોકરો કે છોકરી પોતે નિશાળે જતાં થાય તે દિવસથી જ પોતાનો ફાળો આપે એવી ગોઠવણ કરે છે.

(એજન, પા. ૨૦)

## ૮. પ્રૌઢશિક્ષણ

(ગામવાસીઓને) તેમને એ વાતનો પણ ખ્યાલ નથી કે પરદેશીઓની અહીં હકૂમત ચાલે છે તેનું એક કારણ તેમની પોતાની જ નબળાઈઓ કે ખામીઓ છે, અને બીજું એ પરદેશી અમલની બલાને કાઢવાને પોતાનું જે સામર્થ્ય છે તેનું તેમને ભાન નથી. તેથી આપણાં ભાઈબહેનોની કેળવણીનો સૌથી પહેલો હું એવો અર્થ કરું છું કે મોઢાના બોલથી એટલે કે સીધી વાતચીતથી તેમને સાચી રાજકીય કેળવણી આપવી.... આ મોઢાની કેળવણી સાથે જ લખવાવાંચવાનું ભણતર પણ ચાલે. આ કામમાં ખાસ આવડતની જરૂર છે.

(ર. કા., પા. ૨૧)

## ૯. સ્ત્રીઓ

સેવાના ધર્મકાર્યમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર ને સાથી છે.

પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો ને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે.

સ્ત્રીને પોતાની મિત્ર કે સાથી ગણવાને બદલે પુરુષે પોતાને તેનો સ્વામી કે ધણી માન્યો છે.... મહાસભાવાદીઓની ફરજ એ છે કે તેઓ સ્ત્રીઓને પોતાના અસલ સંપૂર્ણ દરજ્જાનું ભાન કરાવે અને જીવનમાં પુરુષ સાથે સરખા દરજ્જાથી પોતાનો ભાગ લેવાને તેમને કેળવીને લાયક બનાવે.

(એજન, પા. ૨૩)

## ૧૦. તંદુરસ્તીના નિયમોની જાળવણી

* હંમેશ શુદ્ધ વિચારો કરવા ને મનમાંથી બધા મેલા ને નકામા વિચારો કાઢી નાખવા.

* રાત ને દિવસ તાજામાં તાજી હવા લેવી.

* શરીરના તેમ જ મનના કામની સમતુલા જાળવવી એટલે કે તેનો મેળ બેસાડવો.

* ટટાર ઊભા રહેવું. ટટાર બેસવું અને પોતાના એક એક કામમાં સુઘડ અને સાફ રહેવું. વળી આ બધી ટેવો અંતરની સ્વસ્થતાના પ્રતિબિંબરૂપ હોવી જોઈએ.

* તમારા જેવા તમારા માનવબંધુઓની કેવળ સેવાને ખાતર જિવાય તે માટે ખાવાનું રાખો. ભોગ ભોગવવાને માટે જીવવાનું કે ખાવાનું નથી. તેથી તમારું મન ને તમારું શરીર સારી સ્થિતિમાં રહે ને બરાબર કામ આપે તેટલા પૂરતું જ ખાઓ. જેવો આહાર તેવો આદમી.

* તમે જે પાણી પીઓ, જે ખોરાક ખાઓ ને જે હવા લો, તે બધાં તદ્દન સ્વચ્છ હોય. વળી કેવળ પંડની ચોખ્ખાઈ રાખીને સંતોષ ન માનતાં તમારે પોતાને માટે જેટલી ચોખ્ખાઈ રાખો તે જ પ્રમાણમાં તમારી આજુબાંજુના વાતાવરણને તેમ જ જગ્યાને એ ત્રિવિધ ચોખ્ખાઈનો રંગ લગાડો.

(એજન, પા. ૨૫, ૨૬)

## ૧૧. પ્રાંતિક ભાષાઓ

અહિંસાના પાયા પર રચાયેલા સ્વરાજની વાતમાં એ વાત આવી જાય છે કે આપણો એકેએક માણસ આપણી સ્વતંત્રતાની લડતમાં પોતાનો સ્વતંત્ર સીધો ફાળો આપે. પણ આપણી આમજનતા લડતનું એક એક પગથિયું જાણે નહીં અને તે દરેકમાં સમાયેલું રહસ્ય પૂરેપૂરું સમજે નહીં તો સ્વરાજના ઘડતરમાં પોતાનો ફાળો કેમ આપશે ? અને આમજનતાની પોતાની બોલીમાં લડતના એકેએક પગથિયાની બરાબર સમજૂતી નહીં અપાય તો એ બનવાની આશા કેમ રખાય ?

(ર. કા., પા. ૨૬)

## ૧૨. રાષ્ટ્રભાષા

હિંદુસ્તાનભરમાં વહેવાર કરવાને માટે હિંદી ભાષાઓમાંથી એક એવી ભાષાની આપણને જરૂર છે જે આજે વધારેમાં વધારે સંખ્યાના લોકો જાણતા હોય ને સમજતા હોય અને બાકીના લોકો ઝટ શીખી શકે. આવી ભાષા બેશક હિંદી છે.... એ જ બોલી ઉર્દૂ લિપિમાં લખાય છે ત્યારે તે નામે ઓળખાય છે. ૧૯૨૫ની સાલમાં કાનપુર મુકામે ભરાયેલી બેઠકમાં મંજૂર કરેલા પોતાના નામાંકિત ઠરાવમાં હિંદભરની એ જ બોલીને રાષ્ટ્રીય મહાસભાએ હિંદુસ્તાનીને નામે ઓળખાવી. ...આ રાષ્ટ્રભાષા આપણે બધા તેની બંને શૈલીઓ સમજી તથા બોલી શકીએ અને તેને બંને લિપિમાં લખી શકીએ, તે રીતે શીખવી જોઈએ.

અંગ્રેજી ભણવામાં આપણે જેટલાં વરસ બગાડીએ છીએ તેટલા મહિના પણ આપણે હિંદુસ્તાની શીખવાની તસ્દી ન લઈએ તો સાચે જ આમજનતા પરના આપણા જે પ્રેમની વાતો આપણે ઠોક્યા કરીએ છીએ તે ઉપર ઉપરનો હોવો જોઈએ.

(એજન, પા. ૨૭, ૨૮)

## ૧૩. આર્થિક સમાનતા

રચનાત્મક કાર્યનો આ મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બંને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું.

રાષ્ટ્રીય મહાસભામાં પૈસાવાળા મહાસભાવાદીઓ પણ છે. આ વિષયમાં પહેલું પગલું ભરીને રસ્તો તેમણે બતાવવાનો છે.

દરેક મહાસભાવાદીએ પોતાની જાતને એ સવાલ કરવાનો છે કે આર્થિક સમાનતા સ્થાપવામાં મેં શું શું કર્યું.

(એજન, પા. ૨૮, ૨૯, ૩૦)

## ૧૪. કિસાનો

કિસાનો અથવા ખેડૂતોનું સંગઠન કેમ કરવું તેની મારી રીત જેમને જાણવી હોય તેમને ચંપારણની લડતનો અભ્યાસ કરવાથી લાભ થશે. ચંપારણની હિલચાલ આમસમુદાયની એવી લડત બની હતી જે છેક શરૂથી માંડીને છેવટ સુધી પૂરેપૂરી અહિંસક રહી હતી. તેમાં એકંદરે વીસ લાખથીયે વધારે કિસાનોને સંબંધ હતો. એક સૈકાથી ચાલતી આવેલી એક ચોક્કસ હાડમારીની ફરિયાદના નિવારણને માટે તે લડત ઉપાડવામાં આવી હતી. એ જ ફરિયાદને દૂર કરવાને પહેલાં કેટલાંયે હિંસક બંડો થયાં હતાં. ખેડૂતોને તદ્દન દબાવી દેવામાં આવ્યા હતા. અહીં અહિંસક ઈલાજ છ મહિનાના ગાળામાં પૂરેપૂરો સફળ થયો. કોઈ પણ જાતની સીધી રાજકારણી ચળવળ કે રાજકારણના સીધા પ્રચારની મહેનત વગર ચંપારણના ખેડૂતો રાજકારણની બાબતમાં જાગ્યા. પોતાની ફરિયાદ દૂર કરવામાં અહિંસાએ જે કામ કર્યું તેની દેખીતી સાબિતી મળવાથી તે બધા રાષ્ટ્રીય મહાસભામાં ખેંચાયા. પાછલી સવિનયભંગની લડતોમાં તેમણે પોતાની તાકાતનો પૂરતો પરચો બતાવ્યો.

આ ઉપરાંત ખેડા, બારડોલી તથા બોરસદમાં ચાલેલી ખેડૂતોની લડતનો અભ્યાસ કરવાથી પણ વાચકને લાભ થશે. કિસાન સંગઠનમાં સફળતાની ચાવી એ છે કે તેમની પોતાની અને તેમને સમજાતી હોય તથા કઠતી હોય તેવી ફરિયાદો દૂર કરાવવાના કામ સિવાય બીજા કોઈ પણ રાજકીય આશયથી તેમના સંગઠનનો દુરુપયોગ ન કરવો.

(ર. કા., પા. ૩૦, ૩૧)

## ૧૫. મજૂરો

અમદાવાદના મજૂર મહાજનનો નમૂનો આખા હિંદુસ્તાને અનુસરવા જેવો છે. શુદ્ધ અહિંસાના પાયા પર તેની યોજના થઈ છે. પોતાની આજ સુધીની કારકિર્દીમાં પાછા પડવાનો એકે પ્રસંગ તેને આવ્યો નથી. કશીયે હોહા કે ધાંધલ અથવા કશો દેખાવ કર્યા વિના તેની તાકાત ઉત્તરોત્તર વધતી ગઈ છે. તેની પોતાની ઇસ્પિતાલ, મિલમજૂરોનાં છોકરાંઓ માટેની નિશાળો, મોટી ઉંમરના મજૂરોને ભણાવવાના વર્ગો, તેનું પોતાનું છાપખાનું, ને ખાદીભંડાર તે ચલાવે છે. ને મજૂરોને રહેવાને માટે ઘરો તેણે બંધાવ્યાં છે.

અમદાવાદના લગભગ બધા મજૂરો મતપત્રકોમાં નોંધાયેલા છે, અને ચૂંટણીઓમાં અસરકારક ભાગ લે છે. ...મહાજન કદી મહાસભાના પક્ષાપક્ષીના રાજકારણમાં સંડોવાયેલું નથી. શહેરની સુધરાઈની નીતિ પર તે લોકોની અસર પડે છે, મહાજનને ફાળે સારી પેઠે સફળ નીવડેલી હડતાળો છે. ને તે બધી પૂરેપૂરી અહિંસક હતી. અહીંના મજૂરે ને મિલમાલિકોએ પોતાનો સંબંધ મોટે ભાગે રાજીખુશીથી લવાદીને ધોરણે રાખ્યો છે. મારું ચાલે તો હું હિંદુસ્તાનની તમામ મજૂર સંસ્થાઓનું સંચાલન અમદાવાદના મહાજનને ધોરણે કરું.

(એજન, પા. ૩૨)

## ૧૬. આદિવાસીઓ

આ શબ્દનો અક્ષરશઃ અર્થ દેશના અસલ વતનીઓ થાય છે. આદિવાસીઓની સેવા પણ રચનાત્મક કાર્યક્રમનું એક અંગ છે. એ વાતનો કોણ ઇનકાર કરશે કે આ જાતની બધી સેવા કેવળ માનવદયા પ્રેરિત સેવા નથી પણ સંગીન રાષ્ટ્રસેવા છે અને આપણને પૂર્ણ સ્વરાજના ધ્યેયની વધારે ને વધારે નજદીક લઈ જાય છે.

(ર. કા., પા. ૩૩, ૩૪)

## ૧૭. રક્તપિત્તના રોગીઓ

રક્તપિત્તના રોગીઓના ધામ તરીકે હિંદુસ્તાનનો નંબર મધ્ય આફ્રિકાથી બીજો આવે છે. આપણામાંના સૌથી ચડિયાતા લોકોના જેવા જ આ રોગીઓ આપણા સમાજનું અંગ છે. આ રક્તપિત્તના રોગીઓ જેમની સંભાળ લેવાની સૌથી વધારે જરૂર છે, તેમને જાણી જોઈને તરછોડવામાં આવે છે.

હિંદુસ્તાનમાં જો સાચે જ નવજીવનનો સંચાર થયો હોય, તો હિંદમાં એક પણ રક્તપિત્તનો રોગી કે એક પણ ભિખારી વણનોંધાયેલો કે સંભાળ વગરનો રહે નહીં.

(એજન, પા. ૩૪)

## ૧૮. વિદ્યાર્થીઓ

હું જે શોધખોળ ચલાવું છું તેમાં જોડાવાને મારી યુનિવર્સિટીમાં દાખલ થવાનું મારું તેમને કાયમનું નોતરું છે. તેમાં દાખલ થવાની શરતો આ રહી :

(૧) વિદ્યાર્થીઓએ પક્ષાપક્ષીના રાજકારણમાં કદી ન પડવું.

(૨) તેમણે રાજકીય હડતાળો ન પાડવી....વિદ્યાર્થીઓ વીરોની પૂજા ભલે કરે, તેમના તરફની પોતાની ભક્તિ પ્રગટ કરવાને તે વીરોના ઉત્તમ અંશોનું તેમણે અનુકરણ કરવું જોઈએ, હડતાળો ન પાડવી જોઈએ.... કોઈ પણ હિસાબે જુદો મત ધરાવનારા વિદ્યાર્થીઓ કે શાળાકૉલેજના અધિકારીઓ પર તેમણે જબરદસ્તી ન કરવી.

(૩) તેમણે બધાએ સેવાને અર્થે શાસ્ત્રીય રીતે કાંતવું જોઈએ. કાંતવાનાં પોતાનાં સાધનો ને બીજાં ઓજારો તેઓ હંમેશ સ્વચ્છ, સુઘડ ને સારી સ્થિતિમાં તેમ જ વ્યવસ્થિત રાખે. બની શકે તો પોતાનાં હથિયારો, ઓજારો અથવા સાધનો જાતે જ બનાવવાનું શીખી લે. અલબત્ત, તેમનું કાંતેલું સૂતર સૌથી ચડિયાતું હશે. કાંતણને લગતા બધા સાહિત્યનો અને

તેમાં સમાયેલાં આર્થિક, સામાજિક, નૈતિક અને રાજકીય એ બધાં રહસ્યોનો તે સૌ અભ્યાસ કરે.

(૪) તેઓ પહેરવાઓઢવામાં બધે કેવળ ખાદી વાપરે, અને ગામડાંમાં બનેલી ચીજોને બદલે તેવી પરદેશી કે સંચાની બનેલી કદી ન વાપરે.

(૫) બીજા લોકો પર વંદે માતરમ્ ગાવાની કે રાષ્ટ્રધ્વજ રાખવાની જબરદસ્તી તેઓ ન કરે.

(૬) દિલમાં કોમવાદ કે અસ્પૃશ્યતાને પેસવા ન દે. બીજા ધર્મોના વિદ્યાર્થીઓ અને હરિજનો પોતાનાં ભાંડુઓ હોય તેમ તેમની સાથે તેઓ સાચી દોસ્તી બાંધે.

(૭) ઈજા પામેલા પોતાના પાડોશીઓની મદદે વિદ્યાર્થીઓ તરત દોડી જાય. આજુબાજુનાં ગામોમાં સફાઈનું તેમ જ ભંગીકામ કરે અને તે ગામોમાં મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો તેમ જ બાળકોને ભણાવે.

(૮) હિંદુસ્તાનીનું આજે જે બેવડું સ્વરૂપ મુકરર થયું છે તે મુજબ તેની બંને શૈલીઓ ને તેની બંને લિપિઓ સાથે તેઓ રાષ્ટ્રભાષા હિંદુસ્તાની શીખી લે.

(૯) વિદ્યાર્થીઓ જે જે નવું શીખે તે બધું પોતાની માતૃભાષામાં ઉતારે અને દર અઠવાડિયે આસપાસનાં ગામડાંમાં પોતાનો વારો ફરવા નીકળે ત્યારે ત્યાં બધે લેતા જાય ને પહોંચાડે.

(૧૦) તેઓ કશું છૂપું ન કરે. જે કરે તે છડેચોક કરે. પોતાના એકેએક વહેવારમાં તેમનું વર્તન અણિશુદ્ધ હોય. પોતાનું જીવન સંયમી ને નિર્મળ રાખે. કોઈ વાતથી ન ડરતાં નિર્ભય રહી પોતાના દૂબળા વિદ્યાર્થી-બંધુઓના બચાવમાં તત્પર રહે, અને રમખાણો થાય ત્યારે પોતાના જાનને ભોગે અહિંસક વર્તનથી તેમને શમાવવાને તૈયાર રહે.

(૧૧) પોતાની વિદ્યાર્થી બહેનો સાથે તદ્દન સ્વચ્છ ને સભ્યતાનું વર્તન રાખે. વિદ્યાર્થીઓને મારી એવી સલાહ છે કે પોતાના અભ્યાસના સમયમાંથી એક વર્ષ તેમણે આને માટે ફાજલ પાડવું; હું એમ નથી

સૂચવતો કે એકીવખતે અને આખું વરસ તેઓ આપે. અભ્યાસના આખા ગાળા પર તેઓ એ વરસ વહેંચી નાખે ને કટકે કટકે પૂરું કરે. તેમને જાણીને અચરજ થશે કે આ રીતે કાઢેલું એક વર્ષ ફોગટ નથી જતું. એ વખત દરમ્યાન કરેલી મહેનતથી દેશની આઝાદીની લડતમાં સંગીન ફાળો ભરવા ઉપરાંત તેમણે પોતાની માનસિક, નૈતિક તેમ જ શારીરિક શક્તિઓમાં કેટલોય ઉમેરો કર્યો હશે.

(ર. કા., પા. ૩૬, ૩૭, ૩૮)

## સવિનયભંગનું સ્થાન

સવિનયભંગ ત્રાણ જુદાં જુદાં કામ બજાવે છે :

(૧) કોઈક એક સ્થાનિક અન્યાય કે ફરિયાદનું નિવારણ કરવાને સવિનયભંગની લડત પૂરેપૂરી કામ આવે.

(૨) કોઈ એક ચોક્કસ અન્યાય કે ફરિયાદની કે અનિષ્ટની સામે તેને દૂર કરવાની બાબતમાં ખાસ કશી અસર પાડવાનો ઈરાદો રાખ્યા વિના તે અન્યાય કે ફરિયાદ કે અનિષ્ટનું સ્થાનિક પ્રજાને ભાન કરાવવાને અથવા તેના દિલ પર અસર કરવાને, કુરબાની આપવાના આશયથી પણ કાયદાનો સવિનયભંગ થઈ શકે. મારા કાર્યની શી અસર થશે તેની ગણતરી કર્યા વિના, અને લોકો કદાચ કશીયે લાગણી નહીં બતાવે તે હું બરાબર જાણતો હતો છતાં, ચંપારણમાં મેં કાયદાનો સવિનયભંગ કરેલો, તે આ જાતનો હતો.

(૩) રચનાત્મક કાર્યનો પૂરતો જવાબ ન મળે તો તેની અવેજીમાં ૧૯૪૧ની સાલમાં ઉપાડવામાં આવી હતી તે રીતે સવિનય કાનૂનભંગની લડત ઉપાડી શકાય. તે લડત આપણી આઝાદીની સળંગ લડતના ભાગ લેખે અને તેમાં ફાળો ભરવાના ઉદ્દેશથી ઉપાડવામાં આવી હતી. છતાં વાણીસ્વાતંત્ર્યના ચોક્કસ મુદ્દા પૂરતી મર્યાદિત રાખવામાં આવી હતી. સવિનયભંગની લડત કોઈ એક મોઘમ હેતુ માટે, જેમ કે, પૂર્ણ સ્વરાજને

મા … શકે. … પષ્ટ સમજાય તેવી, ને તેનાથી પૂરી પાડી શકાય તેવી … જો … ા પદ્ધતિ જો બરાબર અમલમાં મુકાય તો આપણને ઠેઠ આપણા … તમ લક્ષ્ય સુધી જરૂર લઈ જાય.

અહીં ગણાવેલા પહેલા બે દાખલાઓમાં મોટા પાયા પરની રચનાત્મક પ્રવૃત્તિની જરૂર નહોતી ને હોય નહીં. પણ પૂર્ણ સ્વરાજની સિદ્ધિ માટેની સવિનયભંગની લડત આપણી કરોડોની વસ્તીના રચનાકાર્ય માટેના સહકાર વિના કેવળ મોટી મોટી ને ખાલી બડાશોનું રૂપ લે છે ને તદ્દન નકામી બલ્કે નુકસાનકારક છે. (ર. કા., પા. ૩૯, ૪૦)

## ઉપસંહાર

રચનાત્મક કાર્યક્રમ વિનાની સવિનયભંગની લડત હું લડવા જાઉં તો લકવાથી જૂઠો પડેલો હાથ ચમચો ઉપાડવા જાય તેના જેવું થાય.

(એજન, પા. ૪૨)

### પરિશિષ્ટ

## પશુસુધારણા

ગોસેવા વિશે रचनात्मक कार्यक्रममां વધારવાનું લખો છો એ બરોબર લાગે છે. (એજન, પા. ૪૨)

### સંદર્ભગ્રંથો

**મહાત્મા ગાંધી :** આત્મકથા ○ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ ○ સત્ય એ જ ઈશ્વર છે ○ સંયમ અને સંતતિનિયમન ○ સત્યાગ્રહાશ્રમનો ઈતિહાસ ○ સો ટકા સ્વદેશી ○ ખાદી શા માટે ? ○ ગામડાંની વહારે ○ પાયાની કેળવણી ○ આરોગ્યની ચાવી ○ શિક્ષણનું માધ્યમ ○ રાષ્ટ્રભાષા વિશે વિચાર ○ ગોસેવા

**મહાદેવ દેસાઈ :** બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ ○ …

Acc. No. 130359
Date 14-9-2010

**ખરી કેળવણી** — ગાંધીજી

કેળવણીના ક્ષેત્રમાં ગાંધીજીએ દેશવ્યાપી ભારે મોટું કામ કર્યું છે. ગાંધીજીની કેળવણીની વ્યાખ્યા, કેળવણીનો આદર્શ, કેળવણીનાં સાધન, તેનું ફળ વગેરે આધુનિક કેળવણીની વિચારસૃષ્ટિમાં જુદી જ ભાત પાડનારાં છે. એ બધાં આ ગ્રંથમાં વણાઈ જાય એ ધ્યાનમાં લઈને લેખોની પસંદગી કરવામાં આવી છે. પ્રાસંગિક લખાણો દ્વારા ગાંધીજીના જિંદગીભર સેવેલા અને પ્રયોગસિદ્ધ વિચારો પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યા છે.

કિંમત રૂ. ૬૦-૦૦

**મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી**

**(ડૉ. મણિભાઈ શિ. પટેલ)**

આ પુસ્તકમાં ગાંધીજીની ફિલસૂફીનું, કેળવણીના ક્ષેત્રમાં તેના તાત્ત્વિક પાયા તથા વહેવારમાં તેના વિનિયોગ સહિત વિગતવાર અને વિવેચનાત્મક નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે અને રોચક તથા જ્ઞાનપ્રદ વાચન પૂરું પાડે છે.

કિંમત રૂ. ૫૦-૦૦

**કેળવણી** — ગાંધીજી

Library IIAS, Shimla
GJ 891.474 G 151 C
00130349

રાષ્ટ્રની કેળવણીના કોયડાના ઉકેલ
નિચોડ આ પુસ્તકમાં રજૂ કરવામાં
ગાંધીજીના કેળવણીવિષયક વિચાર
અમલની દિશા પણ એમણે બતાવેલ

કિંમત રૂ. ૮૦-૦૦

---

**નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૧૪**

SABARMATI ASHRAM
000653 Ahmedabad
CHARITRA ANE
RASHTRANIRMAN GUJ.
MRP : Rs. 5

કિંમત રૂ. ૫/-

ISBN 81-7229-341-0